ધોરણ-11 કોમર્સ

પ્રકરણ-1

હિસાબી પદ્ધતિ અને તેના પારિભાષિક શબ્દો

આજે આપણે હિસાબી પદ્ધતિના પારિભાષિક શબ્દો વિશે અભ્યાસ કરીશું

1-ધંધાકીય વ્યવહાર

- ધંધાકીય વ્યવહાર એટલે “બે કે તેથી વધુ વ્યક્તિ વચ્ચે ધંધાની વસ્તુ કે સેવાની રોકડ/શાખ પર ફેરબદલી”

દા.ત :- રૂ. 5000 ના માલનું
રમેશને વેચાણ કર્યું

2-બનાવ

- બનાવ એટલે “ધંધાકીય વ્યવહારમાંથી ઉદ્ભવેલ પરિસ્થિતી અથવા પરિણામ”

દા.ત :- abc કંપનીએ 5,00,000 નફો કર્યો

3-મૂડી

- ધંધાના માલિક દ્વારા ધંધો શરૂ કરવા જે રોકાણ કરવામાં આવે છે તેને મૂડી…"



અથવા

ધંધાનો માલિક તેની અંગત માલ-મિલકત કે રોકડ ધંધામાં લાવી ધંધો શરૂ કરે તેને મૂડી કહેવાય છે

દા.ત :- કલ્પેશ 50000 રોકડ લાવી ધંધો શરૂ કર્યો

4-ઉપાડ

- માલિક દ્વારા ધંધાની મિલકતો એટલે કે માલ-મિલકત કે રોકડ અંગત હેતુ માટે વપરાશ કરવામાં તેને ઉપાડ કહે છે”



અથવા

ધંધાનો માલિક ધંધા માંથી માલ-મિલકત કે રોકડ અંગત ઉપયોગ માટે લઈ જાય તેને ઉપાડ કહેવાય છે

દા.ત :- જયેશ 30000 રોકડા ધંધા માંથી અંગત ઉપયોગ માટે લઈ ગયો

5- જવાબદારી (દેવું)

ધંધા દ્વારા ઉધાર ખરીદેલ માલ/મિલકત કે સેવા અથવા ઉછીના લીધેલ નાણાં પરત કરવાપાત્ર રકમને જવાબદારી(દેવું) કહે છે.

5- જવાબદારી (દેવું)- પ્રકાર

- જવાબદારી (દેવું)
  - આંતરિક જવાબદારી
    - ચાલુ જવાબદારી
    - બિનચાલુ જવાબદારી
  - બાહ્ય જવાબદારી
    - ચાલુ જવાબદારી
    - બિનચાલુ જવાબદારી



- ## આંતરિક જવાબદારી

ધંધાની અંદરની વ્યક્તિને ચૂકવવાપાત્ર રકમને આંતરિક જવાબદારી કહે છે

દા.ત :- ધંધાના માલિકને ચૂકવવાપાત્ર રકમ

- ## બાહ્ય જવાબદારી

ધંધાએ તેના બાહ્ય પક્ષકારોને ચૂકવવાપાત્ર રકમને બાહ્ય જવાબદારી કહે છે

દા.ત :- લેણદારને ચૂકવવાપાત્ર રકમ



- ચાલુ જવાબદારી

ધંધાએ એક વર્ષકે તેથી ઓછા સમયગાળા માટે ચૂકવવાની થતી રકમને ચાલુ જવાબદારી કહે છે
દા.ત :- મનોજ ને **5000** પગારની ચુકવણી કરવાની બાકી

- બિનચાલુ જવાબદારી

ધંધાએ એક વર્ષથી વધુ સમયગાળા માટે ચૂકવવાની થતી રકમને બિનચાલુ જવાબદારી કહે છે
દા.ત :- બેન્કમાંથી **5** વર્ષ માટે **500000** ની લોન લીધી



8- મિલકત :-

મિલકત એટલે “એવી દ્રશ્ય કે અદ્રશ્ય વસ્તુ/બાબત જે ધંધાની માલીકીની હોય અને જેનું નાણાકીય મૂલ્ય હોય”



મિલકતો

બિનચાલુ મિલકતો

દ્રશ્ય મિલકતો

- જમીન
- મકાન
- પ્લાન્ટ
- યંત્રો
- ફર્નિચર
- વગેરે

અદ્રશ્ય મિલકતો

- ટ્રેડમાર્ક
- કોપીરાઇટ
- પેટન્ટ
- પાઘડી
- વગેરે

ચાલુ મિલકતો

- રોકડસિલક
- બેન્ક સિલક
- કાચોમાલ
- તૈયારમાલ
- દેવાદારો
- લેણીહૂંડી
- વગેરે

પ્રવાહી મિલકતો

સ્ટોક સિવાયની તમામ ચાલુ મિલકતો

અવાસ્તવિક મિલકતો

- શેર કે ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ
- પ્રાથમિક ખર્ચ
- ડિબેન્ચર વટાવ વગેરે

9- બિનચાલુ મિલકતો

જે મિલકતો ધંધાની એક વર્ષથી વધુ સમયગાળા માટે હોય તેને બિનચાલુ મિલકતો કહે છે



દા.ત :- જમીન, મકાન, પ્લાન્ટ, યંત્રો, ફર્નિચર ટ્રેડમાર્ક , કોપીરાઇટ પેટન્ટ, પાઘડી વગેરે

10- દ્રશ્ય મિલકતો

જે મિલકતોને જોઈ અને સ્પર્શી શકાય તેને દ્રશ્ય મિલકતો કહે છે

દા.ત :- જમીન, મકાન, પ્લાન્ટ, યંત્રો, ફર્નિચર વગેરે

11- અદ્રશ્ય મિલકતો

જે મિલકતોને જોઈ અને સ્પર્શી ન શકાય (ભૌતિક અસ્તિત્વ ન હોય) તેને અદ્રશ્ય મિલકતો કહે છે

દા.ત :- ટ્રેડમાર્ક , કોપીરાઇટ પેટન્ટ, પાઘડી વગેરે

12- ચાલુ મિલકતો

જે મિલકતો ધંધાની એક વર્ષ કે તેથી ઓછા સમયગાળા માટે હોય તેને બિનચાલુ મિલકતો કહે છે



દા.ત :-રોકડસિલક, બેન્ક સિલક, કાચોમાલ, તૈયારમાલ, દેવાદારો, લેણીહૂંડી, વગેરે

13- પ્રવાહી મિલકતો

પ્રવાહી મિલકતો ચાલુ મિલકતોનો પેટા પ્રકાર છે જેમાં સ્ટોક સિવાયની તમામ ચાલુ મિલકતોનો સમાવેશ થાય છે

- આ મિલકતોનું ઝડપથી રોકડમાં રૂપાંતર થઈ શકે છે →

દા.ત :- રોકડસિલક,
બેન્ક સિલક,
દેવાદારો,
લેણીહૂંડી, વગેરે

14- વાસ્તવિક મિલકતો

વાસ્તવિક મિલકતો એટ્લે જેનું વાસ્તવમાં મૂલ્ય હોય

- આ મિલકતોનું ઝડપથી રોકડમાં રૂપાંતર થઈ શકે છે



બિનચાલુ મિલકતો અને ચાલુ મિલકતો તમામ વાસ્તવિક મિલકત કહેવાય

15- અવાસ્તવિક મિલકતો

અવાસ્તવિક મિલકતો ભૌતિક અસ્તિત્વ ધરાતવી નહીં
આ મિલકતોનું મૂલ્ય શૂન્ય હોય છે,
જેનું રોકડમાં રૂપાંતર થઈ શકતું નથી.
આ એક બિનપુનરાવતીત ખર્ચ છે
આ ખર્ચનો લાભ એક કરતાં વધુ વર્ષો સુધી મળે છે
તેથી આ રકમને અમુક વર્ષ માટે માડી વળવાની હોવાથી
તેને અવાસ્તવિક મિલકતો તરીકે ઓળખવામાં આવે છે

દા.ત :- શેર કે ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ, પ્રાથમિક ખર્ચ,
ડિબેન્ચર વટાવ વગેરે

16-આવકો

ધંધાકીય વ્યવહારના પરિણામ સ્વરૂપે જયારે નાણાં મળે ત્યારે તેને આવકો કહે છે.

આવકો ના પ્રકાર

17-મૂડી આવક

જે આવક ધંધાને નિયમિત રીતે મળતી **ન** હોય તેને મૂડી આવકો કહે છે

દા.ત : મિલકત વેચતા મળતા નાણાં..



18-મહેસૂલી આવક

જે આવક ધંધાને નિયમિત રીતે મળતી હોય તેને મહેસૂલી આવકો કહે છે

દા.ત : વેચાણની આવક, કમિશનની..

19-ચુકવણીઓ (ખર્ચા)

ધંધાકીય વ્યવહારના પરિણામ સ્વરૂપે જયારે નાણાં ચૂકવવાના હોય ત્યારે તેને ચુકવણીઓ કહે છે.

ખર્ચા ના પ્રકાર

20-મૂડી ખર્ચા

જે ખર્ચ ધંધાને નિયમિત રીતે કરવો પડતો **ન** હોય તેને મૂડી ખર્ચ કહે છે

દા.ત : જમીનની ખરીદી, યંત્રની ખરીદી

21-મહેસૂલી ખર્ચા

જે ખર્ચ ધંધાને નિયમિત રીતે કરવો પડતો હોય તેને મહેસૂલી ખર્ચ કહે છે

દા.ત : વીજળી બિલ, પગારની ચુકવણી





22-પ્રસારિત મહેસૂલી ખર્ચ

આ પ્રકારના ખર્ચને અવાસ્તવિક મિલકત તરીકે ઓળખવામાં આવે છે

23- ખર્ચ

જે ખર્ચેલ રકમનો લાભ જે-તે હિસાબી વર્ષમાં મળતો હોય તેને ખર્ચ કહેવામા આવે છે.

દા.ત : પગાર ખર્ચ, મજૂરી ખર્ચ, દલાલી ખર્ચ વટાવ વગેરે

24- ઊપજ

માલ ગ્રાહકોને વેચાણ કરવામાં અથવા સેવા પૂરી પાડવામાં આવે ત્યારે ધંધાને ઊપજ થઈ કહેવાય.

દા.ત : વ્યાજ મળ્યું, ભાડું-કમિશન મળ્યું, ડિવિડન્ડ મળે

25- નફો

વર્ષ દરમિયાનની નિયમિત આવકો માંથી નિયમિત જાવકો બાદ કરતાં વધેલ રકમ ને નફો કહે છે.

27- લાભ :- નફો અને લાભ સમાનાર્થી તરીકે પ્રચલિત છે

26- નુકસાન

વર્ષ દરમિયાનની નિયમિત જાવકો માંથી નિયમિત આવકો બાદ કરતાં વધેલ રકમ ને નફો કહે છે.

28- ખરીદી

- વેપારી જે ચીજ વસ્તુનો વેપાર કરતો હોય અને તે માલ લાવે તેને ખરીદી કહે છે.

દા.ત : કરિયાણાનો વેપારી ધંધા માટે અનાજ ની ખરીદી કરે



28- વેચાણ

- વેપારી જે ચીજ વસ્તુનો વેપાર કરતો હોય અને તે માલ ગ્રાહકો ને આપે તેને વેચાણ કહે છે.

દા.ત : ઉમેશ સાડી સેન્ટરના માલિકે તેના ગ્રાહકને સાડી આપી

28- માલનો સ્ટોક

- વેપારી દ્વારા ધંધાકીય હેતુસર જે માલ ખરીદવામાં આવ્યો હોય અને વેચાણ બાદ વધેલ માલને માલ સ્ટોક કહે છે.

દા.ત : **70000** નો માલ ખરીદી તેમાંથી **50000** નો માલ મહેશને વેચવામાં આવ્યો તો ધંધામાં **20000** નો માલ વધ્યો જેને આખર સ્ટોક કહે છે

shutterstock.com · 569019595

31-દેવાદારો

- વેપારી દ્વારા પોતાના ગ્રાહકને ઉધાર માલનું વેચાણ કરવામાં આવે ત્યારે તે ગ્રાહક ને દેવાદાર કહે છે

દા.ત : **5000** નો માલ જીગર ને શાખ પર વેચ્યો- તો જીગર દેવાદાર કહેવાય



32-લેણીહૂંડી

- લેણીહૂંડી એક લેખિત દસ્તાવેજ છે
- જેમાં બે પક્ષકારો હોય છે. હૂંડી લખનાર અને હૂંડી સ્વીકારનાર
- હૂંડી લખનાર ભવિષ્યની નિર્ધારિત તારીખે ચોક્કસ રકમ મેળવાનો અધિકાર ધરાવે છે.

33-લેણું

- ધંધાકીય વ્યવહારના કારણે અન્ય વ્યકિત કે સંસ્થા પાસેથી કોઈ રકમ મળવાની બાકી હોય તેને લેણું તરીકે ઓળખવામાં આવે છે

દા.ત : **3000** કમિશન મળવાનું બાકી છે, **10000** ભાડું મળવાનું બાકી છે

લેણું

- દેવાદારો
- લેણીહૂંડી
- મળવાની બાકી આવક
- અગાઉથી ચૂકવેલા ખર્ચા

34-લેણદારો

- વેપારી દ્વારા પોતાના ગ્રાહકને ઉધાર માલનું વેચાણ કરવામાં આવે છે તેવી રીતે મોટા વેપારી પાસેથી ઉધાર માલની ખરીદી કરે ત્યારે સામેના મોટા વેપારીને લેણદાર કહે છે

દા.ત : **200000** નો માલ વાગબકરી કંપનીમાંથી શાખા પર ખરીદી

35-દેવીહૂંડી

- દેવીહૂંડી એક લેખિત દસ્તાવેજ છે
- જેમાં બે પક્ષકારો હોય છે. હૂંડી લખનાર અને હૂંડી સ્વીકારનાર
- હૂંડી સ્વીકારનાર ભવિષ્યની નિર્ધારિત તારીખે ચોક્કસ રકમ મેળવાનો અધિકાર ધરાવે છે.

33-દેવું

- ધંધાકીય વ્યવહારના કારણે કોઈ વ્યકિત કે સંસ્થાને રકમ ચૂકવવાની બાકી હોય તેને દેવું કહે છે

દા.ત : **3000** પગારચૂકવવાવનો બાકી છે, **10000** લાઇટબિલ ચૂકવાનું બાકી છે

દેવું

- લેણદારો
- દેવીહૂંડી
- ચુકવવાના બાકી ખર્ચા
- અગાઉથી મળેલ આવકો

38-વાઉચર

- વાઉચરએ ધંધાકીય વ્યવહારોનો લેખિત પુરાવો છે.
- વાઉચરના આધારે ધંધાકીય વ્યવહારોના પ્રકાર નક્કી થાય છે.

દા.ત : વેચાણ બિલ,
ખરીદી બિલ,
ખર્ચનું બિલ વગેરે

37-પડતર

- કોઈ પણ વસ્તુ તૈયાર કરવાં માટે જે ખર્ચ થાય છે તે ખર્ચના કુલ સરવાળાને પડતર કહે છે

દા.ત : પેન બનાવવા માટેના કુલ ખર્ચને..

39-વટાવ

- ખરીદી કે વેચાણની રકમમાંથી અમુક શરતોને આધીન અમુક રકમો બાદ કરી આપવામાં આવે છે આ બાદ કરેલ રકમને વટાવ કહે છે



વેપારી વટાવ

- વેપારી દ્વારા વેચાણના સમયે કુલ કિંમતમાંથી અમુક ટકા અથવા રકમ બાદ કરી આપવામાં આવે છે. આ બાદ કરેલ રકમને વેપારી વટાવ કહે છે.
- વેપારી વટાવ બાદ થાય છે પરંતુ ચોપડે તેની કોઈ નોધ થતી નથી

Trade Discount

રોકડ વટાવ

- વેચાણ કરેલ રકમ ઝડપથી પરત મળે તે હેતુથી ગ્રાહકોને આકર્ષવા માટે જે રકમ કાપી આપવામાં આવે છે. તે રકમને રોકડ વટાવ કહે છે
- વેપારી વટાવ બાદ કર્યા પછી રોકડ વટાવ બાદ કરવામાં આવે છે. અને ચોપડે તેની નોધ પણ કરવામાં આવે છે

40 આપેલ વટાવ

વેપારી દ્વારા જ્યારે માલનું વેચાણ કરવામાં આવે ત્યારે ગ્રાહક તરફથી જેટલી રકમ ઓછી મળે અથવા વેપારી દ્વારા જેટલું **discount** આપવામાં આવે છે તેને આપેલો વટાવ કહે છે

40 મળેલ વટાવ

વેપારી દ્વારા જ્યારે તેના મોટા વેપારી પાસેથી માલ ખરીદવામાં આવે અને તે ચૂકવવાપાત્ર રકમ માંથી અમુક રકમ જે ઓછી ચૂકવવામાં આવે છે. જેટલી રકમ ઓછી ચૂકવવામાં આવે છે તે રકમને મળેલ વટાવ કહે છે.

41-ઘસારો

ઘસારો ધંધાનો ખર્ચ છે. દરવર્ષે મિલકતની કિંમતમાં નિર્ધારિત દરે ઘટાડો કરવામાં આવે છે. આ જેટલી રકમ ઘટાડવામાં આવે છે તેને ઘસારા તરીકે ઓળખવામાં આવે છે.



42-ઘાલખાધ

જ્યારે ધંધા દ્વારા ઉધાર માલનું
વેચાણ કરવામાં આવે ત્યારે. જે
વ્યક્તિ પાસેથી નાણાં વસૂલ
કરવાના હોય પરંતુ તેની નબળી
આર્થિક સ્થિતિના કારણે ચૂકવી
શકતો નથી અથવા ચૂકવવા
માંગતો નથી. જેટલી રકમ વસૂલ
થઈ શકે તેમ ન હોય તેને
ઘાલખાધ કહે છે

43-સધ્ધર

જે વ્યક્તિ પોતાની નાણાકીય
જવાબદારી નિયમિત પણે
ચૂકવતો હોય અને તેની મિલકતો
જવાબદારી કરતાં વધારે હોય તો
તેને સધ્ધર વ્યક્તિ કહે છે.

44-નાદાર

જે વ્યક્તિ પોતાની નાણાકીય જવાબદારી નિયમિત પણે ચૂકવતો ન હોય અને તેની મિલકતો જવાબદારી કરતાં ઓછી હોય તો તેને નાદાર વ્યક્તિ કહે છે.

45-ઉધાર અને જમા

- હિસાબી પદ્ધતિના બે પાયાના શબ્દો છે.
- દ્વિનોંધીનામા પદ્ધતિમાં દરેક વ્યવહાર બેવડી અસર આપવામાં આવે છે 1. ઉધાર 2. જમા
- હિસાબી પદ્ધતિમાં બે બાજુઓનો ઉપયોગ કરવામાં આવે છે. ડાબી બાજુને ઉધાર બાજુ અને જમણી બાજુને જમાબાજુ

.................નું ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નો. પા.	રકમ (₹)	તારીખ	વિગત	નો. પા.	રકમ (₹)

A-ઉધારવું :-

હિસાબોમા કોઈ પણ ખાતું ઉધારવું એટ્લે તે ખાતાની ડાબી બાજુએ નોધ કરવી

B-જમા :-

હિસાબોમા કોઈ પણ ખાતું જમા કરવું એટ્લે તે ખાતાની જમણી બાજુએ નોધ કરવી

..................નું ખાતું

ઉધાર | જમા

તારીખ	વિગત	નો. પા.	રકમ (₹)	તારીખ	વિગત	નો. પા.	રકમ (₹)

46-ખાતું :-

જે તે વ્યક્તિ કે વસ્તુને લગતા તમામ હિસાબી વ્યવહારો ચોપડામાં એક જ સ્થાને નોધાય અને વ્યવહારોનો સારાંશ જાણી શકાય તેને ખાતું કહે છે.

D. P. Patel Sir
99045 96210